Series : HF1EG

SET – 4

Q.P. Code **09**

Roll No.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |

Candidates must write the Q.P. Code on the title page of the answer-book.

# ગુજરાતી
# GUJARATI

*સમય સીમા : 3 કલાક*
*Time allowed : 3 hours*

*કુલ અંક : 80*
*Maximum Marks : 80*

- આ પ્રશ્નપત્રમાં **11** પાના છે તે તપાસી લેવું.
- આ પ્રશ્નપત્રમાં **17** પ્રશ્નો છે તે તપાસી લેવું.
- આ પ્રશ્નપત્રમાં જમણી બાજુએ આપેલો **Q.P.** કોડ નંબર ઉમેદવારે પોતાની ઉત્તર-પુસ્તિકામાં અવશ્ય લખવાનો રહેશે.
- ***પ્રશ્નનો ઉત્તર લખતા પહેલા ઉત્તર-પુસ્તિકામાં યથા સ્થાન પર પ્રશ્ન સિરિયલ નંબર અચૂક લખવો.***
- આ પ્રશ્નપત્ર વાંચવા માટે 15 મિનિટનો સમય ફાળવવામાં આવશે. 10.15 કલાકે પ્રશ્નપત્ર આપવામાં આવશે. 10.15 કલાકેથી 10.30 સુધી વિદ્યાર્થીઓ માત્ર આ પ્રશ્નપત્ર વાંચશે અને આ સમયમાં ઉત્તર-પુસ્તિકામાં કોઈ ઉત્તર લખવા નહીં.

- Please check that this question paper contains **11** printed pages.
- Please check that this question paper contains **17** questions.
- **Q.P.** Code given on the right hand side of the question paper should be written on the title page of the answer-book by the candidate.
- **Please write down the Serial Number of the question in the answer-book at the given place before attempting it.**
- 15 minute time has been allotted to read this question paper. The question paper will be distributed at 10.15 a.m. From 10.15 a.m. to 10.30 a.m., the candidates will read the question paper only and will not write any answer on the answer-book during this period.

~

**General Instructions :**

*(i)* *This Question paper is divided into* ***2*** *parts. It has total* ***17*** *questions.*

*(ii)* ***Part – A*** *contains question No.* ***1*** *to* ***8****.*

*(iii)* ***Part – B*** *contains question No.* ***9*** *to* ***17****.*

*(iv)* *Attempt questions as per specific Instructions.*

*(v)* *Please write question No. in the Answer Book before attempting it.*

**સામાન્ય સૂચનો :**

*(i)* આ પ્રશ્નપત્ર બે ભાગમાં વિભાજિત છે અને આમાં કુલ **17** પ્રશ્નો છે.

*(ii)* **વિભાગ– A** માં **1** થી **8** પ્રશ્નો છે.

*(iii)* **વિભાગ– B** માં **9** થી **17** પ્રશ્નો છે.

*(iv)* પ્રશ્નમાં આપેલી સૂચના મુજબ ઉત્તરો લખવા.

*(v)* પ્રશ્નનો જવાબ લખતી વખતે પ્રશ્નક્રમાંક જરૂર લખો.

## વિભાગ – A

## PART – A
## (Advanced Reading Skill)

1. ફકરો વાંચી પ્રશ્નોના જવાબ લખો : **5 × 1 = 5**

આ બધું વિશ્વમંગળ છે કારણ પરમેશ્વર તેને સંભાળે છે, દુનિયામાં કશું બગડેલું નથી. બગડી હોય તો મારી દૃષ્ટિ બગડી હશે. જેવી મારી દૃષ્ટિ તેવી સૃષ્ટિ. આ સૃષ્ટિ શુભ છે એવી મનને ખાતરી નહિ થાય તો ચિત્તની એકાગ્રતા પણ નહિ થાય. સૃષ્ટિ બગડેલી છે એવું જ્યાં સુધી મને લાગે છે ત્યાં સુધી વહેમનો માર્યો હું ચારેકોર નજર ફેરવીશ. કવિઓ પંખીઓની સ્વતંત્રતાના ગીતો ગાય છે પણ તેમની ડોક સતત આગળ-પાછળ ફરે છે, ભય અનુભવે છે. તેથી શાંતિ પામતા નથી. સમદૃષ્ટિની ભાવના મજબૂત કરવી એ જ એકાગ્રતા સિદ્ધ કરવાનો સારો માર્ગ છે. સર્વત્ર માંગલ્ય જોઈએ તો ચિત્તશાંતિ આવે.

**પ્રશ્નો :**

I. આ બધું વિશ્વમંગળ કેમ છે ?
   - (A) વિશ્વના નેતાઓ સાચવે છે.
   - (B) કારણ કે પરમેશ્વર તેને સંભાળે છે.
   - (C) કારણ કે તે મંગળ ગ્રહ પર છે.
   - (D) કારણ કે સાધુઓ તેને સંભાળે છે.

II. ચિત્તની એકાગ્રતા ક્યારે નહિ થાય ?
   - (A) સૃષ્ટિ શુભ છે તેવી શંકા
   - (B) સૃષ્ટિ શુભ છે તેવી ખાતરી ન થાય ત્યારે
   - (C) સૃષ્ટિ વહેમી છે.
   - (D) સૃષ્ટિ ખાતરી નથી.

III. કવિઓ કોનાં ગીતો ગાય છે ?
   - (A) મનુષ્યોની સ્વતંત્રતાના
   - (B) દેશોની સ્વતંત્રતાના
   - (C) સજીવોની સ્વતંત્રતાના
   - (D) પંખીઓની સ્વતંત્રતાના

IV. એકાગ્રતા સિદ્ધ ક્યારે થાય ?
   - (A) સમદૃષ્ટિ રાખીએ ત્યારે
   - (B) કુદૃષ્ટિ રાખીએ ત્યારે
   - (C) દૃષ્ટિ જ ન રાખીએ ત્યારે
   - (D) સૃષ્ટિ જ ન રાખીએ ત્યારે

V. ચિત્તશાંતિ ક્યારે આવે ?
   - (A) કૈવલ્ય જોઈએ ત્યારે
   - (B) માંગીએ ત્યારે
   - (C) માંગલ્ય જોઈએ ત્યારે
   - (D) ચિત્ત ખરાબ કરીએ ત્યારે

2. નીચેનો ફકરો વાંચી પ્રશ્નોના જવાબ લખો : $5 \times 1 = 5$

જીવનમાં અમુક સદ્‌ગુણોને વળગી રહો. તેઓ તમારા મદદગાર બનશે. તમારી પ્રગતિ થશે. તેને કારણે સફળતા મળશે. સદ્‌ગુણોને અમલમાં મૂકવા માટે નિશ્ચય કરો. અંગત ડાયરી રાખો. તમારી વર્તણૂક અને વાણીની નોંધ રાખો. આથી તમારો વિકાસ થાય છે કે નહીં તેનો ખ્યાલ આવશે. તમારી ભૂલો નજરે પડશે. તે તમે સુધારી શકશો. ડાયરી મિત્રની ગરજ પૂરી પાડે છે. નિર્બળતા બતાવી નમ્ર બનાવે છે. રોજ ઈશ્વરની પ્રાર્થના કરો. તેમને આંતરિક બળ આપવા માટે વિનંતી કરો. આથી મન કદી આળસુ કે શૂન્ય બનશે નહિ. ઉમદા જીવન માટે આ બધું ચાવીરૂપ છે.

**પ્રશ્નો :**

I. કોણ આપણું મદદગાર બનશે ?

II. આપણે શેનો નિશ્ચય કરવો જોઈએ ?

III. ડાયરીમાં શેની નોંધ રાખવી જોઈએ ?

IV. ડાયરી લખવાથી કયા ફાયદા થાય ?

V. ઈશ્વરને કઈ વિનંતી કરવી જોઈએ ?

## (સાહિત્ય)
## (Literature)

3. પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો : (કોઈપણ **ચાર**) $4 \times 1 = 4$

I. કૃષ્ણના દર્શનમાત્રથી શું થાય ?

(A) દુઃખ દૂર થાય
(B) સુખ દૂર થાય
(C) શાંતિ દૂર થાય
(D) દર્શન દૂર થાય

II. કવિ પ્રભુનું નામ કેવી રીતે રટવા ઈચ્છે છે ?

(A) પ્રત્યેક દિવસે
(B) હૈયાના પ્રત્યેક સ્પંદને
(C) પ્રત્યેક વર્ષે
(D) પ્રત્યેક મંદિરે

III. વગડો, સીમ, કીડીઓનું વર્ણન કયા કાવ્યમાં આવે છે ?

(A) તે બેસે અહીં
(B) દીવાનખાનામાં
(C) જીવમાં જીવ આવ્યો
(D) હાથ મેળવીએ

IV. અજાણ્યાને કવિ શું કહે છે ?

(A) શહેરમાં જઈએ (B) પ્રવાસે જઈએ

(C) દોલત ભેળવીએ (D) હાથ મેળવીએ

V. દંડ ભર્યાની ટિકિટ લેખકે ક્યાં રાખી હતી ?

(A) દીવાલ ઉપર (B) અગાસી ઉપર

(C) બારી ઉપર (D) દરવાજા ઉપર

VI. ધાબામાં બેસીને શું ખાવાની મજા આવે ?

(A) શાહનો આઈસક્રીમ (B) પટેલનો આઈસક્રીમ

(C) મકાઈ (D) રબડી

4. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : (કોઈપણ **ચાર**) **4 × 1 = 4**

I. 'દીવાનખાનામાં' કાવ્યના કવયિત્રીનું નામ લખો.

II. 'શરણાઈના સૂર' કૃતિમાં કોના વાત્સલ્યભાવની વાત કરવામાં આવી છે ?

III. 'ઝબક જ્યોત' એકાંકીમાં ભારતના કયા સમયગાળાની ઘટના છે ?

IV. 'સૂર્ય તપતો હોય મધ્યમાં'નો અર્થ શું ?

V. 'આગને ફેરવીશું બાગમાં'નો અર્થ લખો.

VI. બલાઈને સૌથી વધુ આકર્ષણ કયા વૃક્ષનું હતું ?

## (વ્યાકરણ)

## (Applied Grammar)

5. નીચે આપેલા રૂઢિપ્રયોગોના અર્થ લખો : (કોઈપણ **ચાર**) **4 × 1 = 4**

I. ઓછું આવવું

(A) પગ દુભાવું (B) મન દુભાવું

(C) ઓછું ખાવું (D) ઓછું આપવું

II. પાઠ ભણાવવો

(A) બોધપાઠ આપવો (B) પાઠ ચલાવવો

(C) કવિતા ભણાવવી (D) વ્યાકરણ ભણાવવું

III. જિંદગી માણવી

(A) સજા કરવી

(B) મજા કરવી

(C) જિંદગી પસાર કરવી

(D) મજા ન કરવી

IV. ઢગલો થઈ જવું

(A) ઉત્સાહમાં આવવું

(B) લોથપોથ ભેગો કરવો

(C) ઢગલો ભેગો કરવો

(D) થાકીને લોથપોથ થઈ જવું

V. પ્રાણ પરવારી જવા

(A) રોજનું પરવારવું

(B) જીવન જીવવું

(C) મૃત્યુ થવું

(D) પ્રાણ બચાવવા

6. નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ પસંદ કરો : (કોઈપણ **ચાર**) $4 \times 1 = 4$

I. કાયમ મુસાફરી કરનાર

(A) ચિરપથિક

(B) પથિકપંથ

(C) કાયમી

(D) ચિરંજીવી

II. એકી નજરે જોયા કરવું

(A) ફાકવું

(B) તાકવું

(C) નજર નાખવી

(D) ગુસ્સો

III. તુલસીની જાતનો ગંધવાળો છોડ

(A) ભમરો

(B) ગંધારો

(C) ડમરો

(D) મોગરો

IV. સાપને રહેવાનું ઘર

(A) નજરો (B) ઓરડો

(C) ફાંકડો (D) રાફડો

V. ધમણ ઉપડવી

(A) સાફ ચડવી (B) તાકાત ચડવી

(C) હાંફ ચડવી (D) માલગાડી ઉપડવી

7. નીચેના પ્રશ્નોના જવાબ લખો : (કોઈપણ **ચાર**) **4 × 1 = 4**

I. 'ઊઘલ્યો'નો સમાનાર્થી શબ્દ લખો.

(A) ઊતરવું (B) ઊંઘવું

(C) દાન કરવું (D) પ્રસ્થાન કરવું

II. 'પડછંદ'નો સમાનાર્થી લખો.

(A) પાતળા શરીરનું (B) નબળા શરીરનું

(C) પ્રચંડ શરીરનું (D) રોગવાળા શરીરનું

III. 'વયસ્યભાવ'નો સમાનાર્થી શબ્દ લખો.

(A) શત્રુભાવ (B) મિત્રભાવ

(C) અભાવ (D) સ્વભાવ

IV. 'ભોળું'નો વિરોધી લખો.

(A) લુચ્ચું (B) બચ્ચું

(C) કોળું (D) સરળ

V. કયુ જોડકું વિરોધી શબ્દની રીતે યોગ્ય છે ?

(A) આનંદ × ઉલ્લાસ (B) સુખ × આનંદ

(C) વિષાદ × ઉદાસ (D) વિષાદ × આનંદ

8. સૂચના પ્રમાણે જવાબ લખો : (કોઈપણ **ચાર**) **4 × 1 = 4**

I. કયુ વાક્ય ભાષાકીય રીતે સાચું છે ?

(A) મેં બજારમાં શાક લીધો.

(B) હુંયે બજારમાંથી શાક લીધું.

(C) મેં બજારમાંથી શાક લીધું.

(D) હું બજારમાંથી શાક લીધું.

II. કયુ વાક્ય ભાષાકીય રીતે સાચું છે ?

(A) તેણે મને બૂમ પાડ્યો.

(B) તેણે મને બૂમ પાડી.

(C) તે મને બૂમ પાડ્યો.

(D) તેઓ તેને બૂમ પાડ્યો.

III. અનુગ ઓળખો : મહેલનું બારણું મોટું છે.

(A) નું (B) ઘણું

(C) મોટું (D) છે

IV. અનુગ ઓળખો : મદારીને પૈસા મળ્યા.

(A) પૈસા (B) આ

(C) ને (D) મદારી

V. નામયોગી ઓળખો : રમતવીરો દ્વારા રમતો ઉત્તમ રીતે રમાઈ.

(A) દ્વારા (B) રીતે

(C) રમતો (D) વીરો

## વિભાગ – B

## (સાહિત્ય)

## PART – B

## (Literature)

9. નીચેનું કાવ્ય વાંચી, પ્રશ્નોના જવાબ લખો : (કોઈપણ **પાંચ**) **5 × 1 = 5**

> કોઈનું પણ આંસુ લૂછ્યું હોય, તે બેસે અહીં
> ને પછી છાતીમાં દુઃખ્યું હોય, તે બેસે અહીં.
> સૂર્ય તપતો હોય એનો મધ્યમાં ને તે છતાં
> કોઈનાં ચરણોમાં ઝૂક્યું હોય, તે બેસે અહીં.
> હાથ પોતાનો ય બીજો જાણવા પામે નહિ
> કીડિયારું એમ પૂર્યું હોય તે બેસે અહીં.

**પ્રશ્નો :**

I. આંસુ લૂછ્યું – એટલે શું ?

II. પ્રગતિના શિખરે રહેનાર વ્યક્તિએ કેવું વર્તન કરવું જોઈએ ?

III. મનુષ્યે દાન કેવી રીતે કરવું જોઈએ ?

IV. કવિએ કોને ઉદ્દેશીને આ કાવ્ય લખ્યું છે ?

V. કવિ ક્યાં બેસવા માટેની વાત કરે છે ?

VI. કીડિયારું કેમ પૂરવું જોઈએ – એટલે શું ?

10. નીચેના પ્રશ્નોના **બે-ત્રણ** વાક્યોમાં જવાબ લખો : (કોઈપણ **બે**) **2 × 2 = 4**

I. વરસાદ વરસવાથી પ્રકૃતિ પર તેની શી અસર થઈ ?

II. પિંજરાનું પંખી કોની પર અવિશ્વાસ કરે છે ? કેવી રીતે ?

III. 'કડવા લીમડા'ના દુહામાં કવિ સ્વજનો વચ્ચેના પ્રેમની વાત કઈ રીતે કરે છે ?

IV. 'મોરલી' કાવ્ય મીરાંબાઈની ભક્તિનું પ્રતિબિંબ છે. ચર્ચા કરો.

11. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો : (કોઈપણ **એક**) **1 × 3 = 3**

I. 'પર્વત ટોચે પહોંચ્યું વાદળ' હાઈકુ સમજાવો.

II. પોતાનું જીવન અંજલિરૂપ બને તે માટે કવિ કઈ-કઈ રીતે મદદ કરવા ઈચ્છે છે તે 'જીવન અંજલિ થાજો' કાવ્યને આધારે લખો.

III. આધુનિક માણસ, સંબંધો અને ભૌતિક સાધનો – આ ત્રણ પરસ્પર કેવી રીતે જોડાયા છે તે 'દીવાનખાનામાં' કાવ્યને આધારે લખો.

12. ફકરો વાંચી પ્રશ્નોના જવાબ લખો : (કોઈપણ **છ**) **6 × 1 = 6**

સિપાઈઓએ કહ્યું કે કોઈ ગાંડો લાગે છે. એમણે એને જવા દીધો. રાજદરબારની દોઢી આગળ પણ એ પ્રમાણે થયું. ચોર રાજમહેલ પાસે આવ્યો. એક બારી ખુલ્લી જોઈ ઉપર ચઢ્યો. બધી ચીજો જોવા લાગ્યો. છેવટે એક દાબડી એના જોવામાં આવી. ઉઘાડીને જુએ તો અંદર બીજી દાબડી. એમાં સાત રત્નો. ચોરને થયું મારે માટે ચાર બસ છે. તેણે ચાર લીધાં. બાકીના ત્રણ રત્નો તેણે દાબડીમાં રહેવા દીધાં. દાબડી ઠેકાણે મૂકી. તે પછી તે ઘરને રસ્તે પડ્યો. રસ્તામાં એને એક માણસે રોક્યો. રાજા વેશપલટો કરીને નગરમાં નીકળેલો. તેણે ચોરને પૂછ્યું : 'અલ્યા કોણ છે ?'

**પ્રશ્નો :**

I. સિપાઈઓએ ચોરને શા માટે જવા દીધો ?

II. ચોર ક્યાં આવ્યો ?

III. બારી ખુલ્લી જોઈ તેણે શું કર્યું ?

IV. છેવટે તેણે શું જોયું ?

V. ચોરને શું વિચાર આવ્યો ?

VI. ચોરે વિચાર કર્યા પછી શું કર્યું ?

VII. રસ્તામાં તેને કોણે રોક્યો ?

13. નીચેના પ્રશ્નોના **બે-ત્રણ** વાક્યોમાં જવાબ લખો : (કોઈપણ **ત્રણ**) **3 × 2 = 6**

I. લેખકને જર્મનીના નાગરિકોનો કયો વર્તાવ ગમ્યો ? શા માટે ?

II. મજૂરો ઘાસ કાપવા આવતા ત્યારે બલાઈ અને કાકી વચ્ચે શી વાત થતી ?

III. 'ટિફિન' પાઠના લેખક પ્રેમજી પટેલ આપણને લઘુકથા દ્વારા કયો સંદેશ આપે છે ?

IV. 'જેઠીબાઈ' પાઠમાં ભારતના રંગાટકામ વિશે કઈ માહિતી આપી છે ?

V. કાન્તિનો ભાઈ સાથેનો સંબંધ વર્ણવો.

VI. સર્વજ્ઞભાઈના મતે આબુમાં કયા પ્રકારની તકલીફ રહેવાની તે 'સૂરજ તો બધે સરખો' પાઠને આધારે લખો.

14. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો : (કોઈપણ **બે**) **2 × 3 = 6**

I. રમઝુ મીર અને તેની શરણાઈ વિશે 'શરણાઈના સૂર' પાઠના આધારે લખો.

II. જેઠીબાઈ કાનજીનો પ્રશ્ન કઈ રીતે ઉકેલે છે તે સંદર્ભ સાથે ચર્ચો.

III. દીપકની દેશભક્તિ અને ભારતનો સ્વતંત્રતા સંગ્રામ – 'ઝબકજ્યોત' પાઠને આધારે લખો.

IV. 'નથી' પાઠમાં લેખકે કૌટુંબિક સંબંધોને કઈ રીતે વર્ણવ્યા છે તે લખો.

## (પ્રભાવક લેખન કૌશલ્ય)

## (Effective Writing Skill)

15. નીચે આપેલા વિષય પર કોઈ **એક** વિષય પર આશરે **120** શબ્દોમાં ફકરો લખો : **1 × 5 = 5**

I. **મારા સ્વપ્નનું ભારત**

**મુદ્દા :** ભારતનો ભવ્ય ભૂતકાળ – અંગ્રેજોના સમયની સ્થિતિ – આઝાદી પછી થયેલી પ્રગતિ – દૂષણો – મારા સ્વપ્નનું ભારત – ઉપસંહાર

II. **સમયનું મૂલ્ય**

**મુદ્દા :** સમયનું મૂલ્ય – કામનું આયોજન – વેડફાતો સમય અને જીવન – યોગ્ય આયોજન જરૂરી – મહાનતામાં સમયનું પ્રદાન

16. નીચે આપેલા મુદ્દાને આધારે બોધ અને શીર્ષક સાથે વાર્તા લખો : **1 × 6 = 6**

**મુદ્દા :** બે મિત્રો – જંગલમાં ફરવા જવું – રીંછનો ભેટો થવો – એક મિત્ર ઝાડ પર ચડે – બીજો શબની જેમ સૂઈ જાય – રીંછ આવે – સૂંઘીને જાય – ઝાડ પરથી મિત્ર ઉતરે – પૂછે – સંકટ સમયે નાસી જાય તે મિત્ર નહિ

17. તમારા વિસ્તારમાં કચરાની ગાડી નિયમિત આવતી નથી. તેની ફરિયાદ કરતો પત્ર યોગ્ય અધિકારીને લખો. **1 × 5 = 5**

**અથવા**

'યોગ ભગાડે રોગ' વિષય પર સચિત્ર જાહેરાત તૈયાર કરો.

---